# બીડી તમાકુ બિયારણ માટે ઓનલાઇન અરજી કરવા માટેની પદ્ધતિ

## (તા. ૧૨.૫.૨૦૨૫ થી તા. ૨૩.૫.૨૦૨૫)

- ખેડૂતોએ બિયારણ ફાળવણીની અરજી ઓનલાઈન www.aau.in વેબસાઈટ પર આપેલ લીંક દ્વારા નિર્ધારીત સમયગાળામાં જ કરવાની રહેશે.
- અરજી કરનાર ખેડૂતે સૌપ્રથમ પોતાનો વોટ્સએપ મોબાઈલ નંબર નાખવો અને મોબાઈલ પર જે ઓટીપી (OTP) આવે તે અરજીમાં સૌપ્રથમ દાખલ કરવાનો રહેશે.
- ત્યાર બાદ પાકનું નામ, જાત, બિયારણનું સ્ટેજ, જ્યાંથી બિયારણ મેળવવું હોય તે કેન્દ્રની પસંદગી અને મળવાપાત્ર જરૂરી પેકેટની સંખ્યાની વિગતો ઓનલાઈન અરજીમાં ભરવાની રહેશે.
- ત્યાર બાદ ખેડૂતે આધારકાર્ડમાં દર્શાવ્યા મુજબનું નામ, આધાર નંબર, ૮-અ નમુના મુજબનો ખાતા નંબર તથા તેમાં દર્શાવેલ વિસ્તાર હેકટર, આરે અને ચોરસ મીટર પ્રમાણે દાખલ કરવાનો રહેશે. વોટ્સએપ નંબર અને ઇમેલની વિગતો જો હોય તો દાખલ કરવી.
- ત્યાર બાદ પોતાના જીલ્લા, તાલુકા અને ગામની વિગતો પસંદ કરી નીચે લાલ અક્ષરોમાં દર્શાવેલ બાહેધરી આપવાના બોક્ષમાં ટીક (√) કરી સબમિટ બટન પર આગળ વધવું.
- ઓનલાઈન અરજીની નોંધણી થયા બાદ ખેડૂતે ઓનલાઈન પાવતીની પ્રિન્ટ કાઢી લેવી/મોબાઈલમાં સેવ કરી લેવી. આ પાવતી બિયારણ રૂબરૂ લેવા આવતી વખતે રોકડ રકમ તેમજ આધાર કાર્ડ અને ૮ – અ ની નકલની સાથે લાવવાની રહેશે.

## બીડી તમાકુ બિયારણ માટે ઓનલાઇન અરજી કરવા માટેની શરતો

૧) ખરીફ – ૨૦૨૫ માટે તમાકુના પાકમાં ભરોસાપાત્ર/ ખાત્રીવાળુ બિયારણ મેળવવા માટેની અરજી નીચે મુજબના કેન્દ્ર પર ઉપલબ્ધ જાત-જથ્થાની મર્યાદામાં ફક્ત ઓનલાઇન જ સ્વીકારવામાં આવશે.

| ક્રમ નં. | સંશોધન કેન્દ્ર નું નામ | કેન્દ્ર પર ઉપલબ્ધ બીડી તમાકુની સુધારેલ/ સંકર જાતો |
|---|---|---|
| ૧ | બીડી તમાકુ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | આણંદ ૨, આણંદ ૧૧૯, આણંદ ૧૪૫ |
| ૨ | | ગુજરાત તમાકુ ૪, ગુજરાત તમાકુ ૫, ગુજરાત તમાકુ ૭ |
| ૩ | | આણંદ બીડી તમાકુ ૧૦, ગુજરાત આણંદ બીડી તમાકુ ૧૧ |
| ૪ | | એમ. આર. જી. ટી. એચ. ૧, જી. એ. બી. ટી. એચ. ૨ |

૨) બિયારણની નોંધણી માટે અરજદાર ખેડૂત પાસે આધારકાર્ડ અને ૮ – અ નાં દાખલા મુજબનું જ નામ લખવું.

૩) ખેડૂતોએ બિયારણ ફાળવણીની અરજી ઓનલાઈન http://www.aau.in વેબસાઈટ પર આપેલ લીંક દ્વારા નિર્ધારીત સમય ગાળામાં કરવાની રહેશે.

૪) નમૂના ૮ – અ માં એક કરતાં વધારે ખેડૂતના નામ હોય તો બિયારણની ફાળવણી, દરેક ખેડૂતને તેની જમીન મુજબ, ફાળવણીના મહત્તમ જથ્થાની મર્યાદામાં જ થશે.

| **૮-અ મુજબ વિસ્તાર (ગુંઠા) રોપણી માટે** | **મળવાપાત્ર પેકેટ (૨૫૦ ગ્રામ)** |
|---|---|
| ૦૧ થી ૫૦ ગુંઠા | ૬ પેકેટ |
| ૫૧ થી ૧૦૦ ગુંઠા | ૧૦ પેકેટ |
| ૧૦૧ થી ૨૦૦ ગુંઠા | ૧૪ પેકેટ |
| ૨૦૧ થી ૩૦૦ ગુંઠા | ૧૬ પેકેટ |
| ૩૦૧ થી ૪૦૦ ગુંઠા | ૨૦ પેકેટ |
| ૪૦૧ થી વધુ | ૨૪ પેકેટ |

૫) ઓનલાઈન અરજી બાદ ખેડૂતોને બિયારણની ફાળવણી, વહેલા તે પહેલાના ધોરણે, ખેડૂતની જમીન મુજબ મહતમ જથ્થાની મર્યાદામાં કોમ્પુટરાઈઝડ સિસ્ટમથી ઓનલાઈન જ થશે. ફાળવણીની જાણકારી ખેડૂત ઓનલાઈન મેળવી શકાશે. ૨૫૦ ગ્રામના પેકીંગમાં ખેડૂતોની જમીન મુજબ વધુમાં વધુ એક જાત માટે '૨૪' પેકેટ (કુલ ૬ કિલો), બીજી જાત માટે ફરીથી અરજી કરવાની રહેશે, આ ઉપરાંત બન્ને સંકર જાત માટે એક-એક પેકેટ (૨૫ ગ્રામ) અથવા એક સંકર જાત માટે બે પેકેટ (૫૦ ગ્રામ) ની મર્યાદામાં ફાળવણી કરવામાં આવશે જેથી ફાળવણી માટે કોઈના અન્ય દાવા માન્ય રાખવામાં આવશે નહી. **સંકર જાત અને બીજી જાત માટે અલગથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.**

૬) બીડી તમાકુના બિયારણની ઓનલાઇન નોંધણી, બીડી તમાકુ સંશોધન કેન્દ્ર પર ઉપલબ્ધ જાતના જથ્થા મુજબ જ થશે.

૭) ઓનલાઈન અરજીની નોંધણી થયા બાદ ખેડૂતે ઓનલાઈન પાવતીની પ્રિન્ટ કાઢી લેવી/મોબાઈલમાં સેવ કરી લેવી. આ પાવતી, બિયારણ રૂબરૂ લેવા આવતી વખતે રોકડ રકમ તેમજ આધાર કાર્ડ અને ૮ – અ ની નકલ સાથે લાવવાની રહેશે.

૮) યુનિવર્સિટીના કેન્દ્રો ખાતે બિયારણની ફાળવણીનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થઇ ગયા પછી પોર્ટલ પરથી અરજી નોધણીની પ્રક્રિયા બંધ કરી દેવામાં આવશે.

૯) વિતરણની અંતિમ તારીખ બાદ, બીડી તમાકુના બીજનો વેચાણ થયા વગર કોઇપણ જાતનો વધારાનો જથ્થો જો ઉપલબ્ધ હશે તો, નોંધણી બાદ ખેડૂતોને રૂબરૂ વહેલા તે પહેલાના ધોરણે જમીનના ૮-અ ની નકલ અને આધાર કાર્ડની નકલ લઈને આવશે તો વેચાણથી આપવામાં આવશે.

૧૦) બીડી તમાકુના **બિયારણના ભાવની વિગત** (<u>૨૫૦ ગ્રામના પેકીંગમા)</u>:

| પાક | બીડી તમાકુની જાતો | પ્રકાર | બિયારણના ભાવ |
| --- | --- | --- | --- |
| બીડી તમાકુ | આણંદ ૨, આણંદ ૧૧૯, આણંદ ૧૪૫, ગુજરાત તમાકુ ૪, ગુજરાત તમાકુ ૫, ગુજરાત તમાકુ ૭, આણંદ બીડી તમાકુ ૧૦, ગુજરાત આણંદ બીડી તમાકુ ૧૧ | સુધારેલ જાત | **૧૨૦૦ રૂપિયા/ કિ.ગ્રા. (૩૦૦ રૂપિયા/૨૫૦ ગ્રામ)** |
| | એમ. આર. જી. ટી. એચ. ૧, જી. એ. બી. ટી. એચ. ૨ | સંકર જાત | **૨૪૦૦૦ રૂપિયા/ કિ.ગ્રા. (૬૦૦ રૂપિયા/ ૨૫ ગ્રામ)** |

૧૧) ઓનલાઈન અરજી કરવામાં મુશ્કેલી જણાય તો, જાહેર રજાના દિવસો સિવાય, ચાલુ કચેરીના સમયે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ દરમિયાન આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના કેન્દ્ર પરથી નોંધણી પ્રક્રિયાની જાણકારી મેળવી લેવી.

૧૨) **નોંધણીની માહિતી માટે ઉપયોગી ફોન નંબર:**

| ક્રમ નં. | નામ | મોબઈલ નંબર |
| --- | --- | --- |
| ૧ | ડો. ડી. એ. પટેલ | **૦૨૬૯૨- ૨૬૨૦૬૧** |
| ૨ | શ્રી. ડી. આર. દેલવાડિયા | ૯૪૦૮૨૫૯૦૯૧ |
| ૩ | જલ્પાબેન પંચાલ | ૯૯૧૩૭૮૦૩૮૫ |
| ૪ | ડો વાય. એમ. રોજાસરા | ૬૩૫૨૪૬૦૮૮૩ |
| ૫ | ગૌરાંગ રૂદાણી | ૮૧૪૦૨૮૦૫૦૮ |
| ૬ | મનીષાબેન ગામીત | ૯૬૨૪૩૮૯૨૩૦ |

૧૩) ફાળવવામાં આવેલ બિયારણ લઇ જવા ખેડૂત આવે ત્યારે તેમને COVID -19 ની સરકારશ્રી તરફથી વખતો વખત બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈનનો ચુસ્તપણે પાલન કરવાનો રહેશે.

૧૪) **આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત બીડી તમાકુના ‘અનુભવ’ બીજ મેળવવા ઓનલાઈન નોંધણી <u>તા. ૧૨/૫/૨૦૨૫ થી ૨૩/૫/૨૦૨૫</u> અને વિતરણ <u>તા. ૨/૬/૨૦૨૫ થી ૭/૬/૨૦૨૫ અને ૯/૬/૨૦૨૫ થી ૧૩/૬/૨૦૨૫ (રવિવાર સિવાયના દિવસોમાં)</u> સુધી થશે. સફળતાપૂર્વક ઓનલાઈન નોંધણી થયેલ હોય તે ખેડૂતોએ ફાળવવામાં આવેલ તારીખે બિયારણ રોકડા રૂપિયાથી (ગૂગલ પે કે અન્ય કોઇપણ ઓનલાઈન મોડ દ્વારા સ્વીકારવામાં આવશે નહિ) મેળવી લેવાનું રહેશે, ફાળવવામાં આવેલ તારીખ સુધી જો બિયારણ મેળવવામાં નહિ આવે તો, આ નોંધણી આપોઆપ રદ થશે/ ગણાશે અને તે બિયારણ અન્ય ખેડૂતોને ફાળવી આપવામાં આવશે.**

*********